દિવ્ય ભાસ્કર

Date: 01 November, 2017 Page #03 (Bhaskar City Life)

સિટી SPORTS

# આઇઆઇટી રામના સ્પોર્ટસ ફેસ્ટમાં મિકેનિકલ વિભાગ વિજેતા

## Sports Fest



સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રીસર્ચ અને મેનેજમેન્ટ (આઇઆઇટી રામ)ના ઇન્ટર કોલેજ સ્પોર્ટસ ફેસ્ટિવલ એરેને 3.0માં મિકેનિકલ વિભાગે જીત મેળવી છે. એરેને 3.0માં બેડમિન્ટન, ક્રિકેટ, ટેબલ ટેનિસ, વોલીબોલ, બાસ્કેટબોલ, સોકર, ચેસ, કબડ્ડી અને એથલેટિક્સની સ્પર્ધામાં 300થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ક્રિકેટ સ્પર્ધામાં બીબીસી 11 વિજેતા અને રનર્સ અપ અંગાર 11 બની. કબડ્ડીમાં સેવન સેવન વિજેતા બની હતી. ટેબલ ટેનિસમાં નિસર્ગ વિજેતા અને સાત્વિક રનર્સ અપ બન્યો. બેડમિન્ટનમાં જ્વલંત વિજેતા અને અભિનય રનર્સ અપ બન્યો. ચેસમાં ચિરાગ વિજેતા બન્યા. ફૂટબોલમાં યંગ એફસી વિજેતા અને ભગવતી હન્ટર્સ રનર્સ અપ બની હતી. બાસ્કેટબોલમાં 3 હેડેડ મોનસ્ટર વિજેતા અને મીઆમી હીટ રનર્સ અપ બની હતી. એથેલેટિક્સની 100મીટર રેસમાં કાર્તિક વિજેતા અને પરિક્ષિત રનર્સ અપ બન્યો હતો.